## ભુજ ડીસ્ટ્રીકટ કોર્ટ મધ્યે કેન્ટીન ચલાવવા અંગેની લાયસન્સ અંગેની શરતો

(૧) કેન્ટીન ચલાવવાનુ લાયસન્સ સામાન્ય રીતે ૧૧ માસ અને ૨૯ દિવસ પુરતુ જ આપવામાં આવશે ત્યાર બાદ જો કમીટીને યોગ્ય લાગે તો કોન્ટ્રાક પુરુ થાય તે પહેલા ફરીથી ૧૧ માસ અને ૨૯ દિવસ માટે વધારાનો કોન્ટ્રાકટ રીન્યુ કરી શકશે અથવા તો નવો કોન્ટ્રાકટ નકકી કરવામાં આવશે.

(૨) નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટ તરફથી નકકી કરાવમાં આવેલ કેન્ટીનના કબ્જા અને ઉપયોગ માટેનું ઓછામાં ઓછું ભાડુ રૂા. ૩,૦૦૦/ રહેશે. જે ભાડાની ફેરવિચારણા નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટ તરફથી જો જરૂર જણાય તો દર ત્રણ વર્ષ ના સમયગાળામાં કરવામાં આવશે.

(૩) લાયસન્સદારે કેન્ટીન શરુ કર્યાથી ૧૫ દિવસ ની અંદર ભુજ નગરપાલિકાના આરોગ્ય ખાતાનું તથા પોલીસ વડા ભુજની કચેરીના જરુરી નિયત થયેલા કેન્ટીન અંગેના લાયસન્સ મેળવવાના રહેશે તેમ કરવામાં નિષ્ફળ થયેથી મંજુર કરેલા લાયસન્સ રદ ગણવાપાત્ર રહેશે.

(૪) લાયસન્સદારે ડીપોઝીટની રકમ રૂા.૨૫૦૦૦/- શ્રી પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજની કચેરી, ભુજમાં જમા કરાવવાની રહેશે જે ડીપોઝીટની રકમ તેણે કેન્ટીનનો ખાલી કબ્જો સોપ્યેથી પરત કરવામાં આવશે.

(૫) લાયસન્સદારે નકકી થયેલ ભાડું દર માસની ૫મી તારીખ પહેલા ડિસ્ટ્રીકટ કોર્ટની નાઝીર બ્રાંચમાં જમા કરાવવાનું રહેશે. જો લાયસન્સ દાર સળંગ ૬૦ દિવસ સુધી ભાડું ભરવામાં નિષ્ફળ જશે તો જે તે લાયસન્સદારનું લાયસન્સ તાત્કાલીક અસર થી કોઈ પણ જાતની નોટીશ આપ્યા વિના કેન્સલ કરવામાં આવશે અને લાયસન્સદાર તરફથી ભરવામાં આવેલ ડીપોઝીટની રકમ રૂા ૨૫૦૦૦/ જપ્ત કરવામાં આવશે.

(૬) પ્રિન્સીપાલ ડીસ્ટ્રકીટ જજ તેઓની કોર્ટના કોઈપણ અધિકારી મારફતે કોર્ટ કેન્ટીનનુ ઈન્સ્પેકશન કરાવી શકશે.

(૬) લાયસન્સદારે કેન્ટીનના અંદરના અને બહારના ભાગને સ્વચ્છ અને ચોખ્ખી રાખવાની રહેશે તેમજ ખાવાની વસ્તુઓ તાજી આપવાની રહેશે. ઠંડા તેમજ ગરમ પીણા ઓ સ્વચ્છ અને ચોખ્ખા વાસણમાં આપવાના રહેશે.

(૭) લાયસન્સદારે ખાદ્ય પદાર્થ વિગેરે તેમજ ગરમ ઠંડા પીણા અને પીવાના પાણી રાખવાના વાસોણમાં જીવજંતુ, માખીઓ વગેરે પ્રવેશ ન કરે તે રીતે ઢાંકી ને રાખવાના રહેશે.

(૮) કેન્ટીમાં વહેંચવા રાખવાના ખાવાના પદાર્થો તેમજ ઠંડા પીણા વિગેરેના ભાવ સ્ક્રિનીંગ કમીટી સાથે મસલત કરી નકકી કરવાના રહેશે અને તે નકકી કરેલ નિયત દરે જ લાયસન્સદારે બધી જ ચીજ વસ્તુઓ વહેંચવાની રહેશે.

(૯) કેન્ટીન કોર્ટના સ્ટાફ, વકીલો તેમજ કારકુનો, પક્ષકારો અને કોર્ટના મુલાકાતીઓ માટે કોઈ પણ નાતજાતના ભેદભાવ વગર પ્રવેશ માટે ખુલ્લી રાખવાની રહેશે.

(૧૦) કેન્ટીનની ટેબલો અને ખુરશીઓ વગેરે સ્વચ્છ અને ચોખ્ખા રાખવાના રહેશે.

(૧૧) લાયસન્સદારે કેન્ટીનના આગળના ભાગે નોટીસબોર્ડ પર કેન્ટીનમાં વહેંચાતી ચીજવસ્તુઓના ભાવપત્રક દર્શાવવાના રહેશે.

(૧૨) કેન્ટીન ચલાવવા ફર્નિચર લાયસન્સ દારે પોતે ખરીદવાના અને જાળવવાના રહેશે.

(૧૩) લાયસન્સદારે કેન્ટીનમાં ઈલેકટ્રીક લાઈટ, પાણી વગેરેની વ્યવસ્થા પોતાના ખર્ચે કરવાની રહેશે. સદર જગ્યાનું નિયમ મુજબનું લાઈટબિલ સમયસર ભરી તેની પહોંચ અત્રેની કચેરીને રજુ કરવાની રહેશે.

(૧૪) લાયસન્સ દારે કેન્ટીનમાં ચેપી રોગથી પીડાતા નોકરો રાખવા નહી. લાયસન્સદારે તેમના નોકરોને સ્વચ્છ અને સુઘડ પોષાક પુરા પાડવાનુ રહેશે.

(૧૫) કેન્ટીનની કોઈપણ વ્યકિત ને રાત્રે કે રજાના દિવસે કેન્ટીનમાં રહેવા દેવામાં આવશે નહીં.

(૧૬) કેન્ટીન નો સમય ચાલુ દિવસોમાં સવારે ૮.૦૦ કલાકથી સાંજના ૭.૦૦ વાગ્યા સુધીનો રહેશે. કેન્ટીન રજાના શનિવાર તથા દરેક રવિવાર અને જાહેર રજાના દિવસોમાં બંધ રાખવાની રહેશે.

(૧૭) કેન્ટીનમાં આપવામાં આવતી સેવા અને સગવડતા નિરીક્ષણ માટે એક કમીટી નિમવામાં આવશે. કેન્ટીનની સુવિધામાં સુધારો વધારો કરવા અવાર – નવાર જરુરી સુચનો કરશે.

(૧૮) કેન્ટીન કમીટી કે જનતા તરફથી કેનટીનમાં આપવામાં આવતી સુવિધા અંગે કરવામાં આવેલ ફરીયાદ લાયસન્સદારના ધ્યાર પર લાવી અને તેમાં સુધારો કરવાની તક આપવામાં આવશે અને આવી વારંવાર ફરીયાદો થશે તો લાયસન્સ રદ કરવામાં આવશે.

(૧૯) લાયસન્સદારે ફરીયાદ બુક રાખવી અને તે કેન્ટીના મુખ્ય ભાગ ઉપરની જગ્યાએ રાખવાની રહેશે. અને કોઈપણ વ્યકિત તેમાં નોંધ કરવા ઈચ્છે તો તેને તેમ કરવા દેવામાં આવશે.

(૨૦) લાયસન્સ કોઈપણ શરતોનો કે અન્ય સૂચનાઓનો ભંગ થયેથી લાયસન્સદારનુ લાયસન્સ ગમે ત્યારે રદ કરી શકાશે.

(૨૧) લાયસન્સ પુરુ થયેથી લાયસન્સદારે કેન્ટીનનો ખાલી અને શાંત કબજો આપવાનો રહેશે.

(૨૩) લાયસન્સદારે રૂા.૧૦૦૦૦/– નો એક સધ્ધર જામીન ઉપરોકત શરતોનો ભંગ ન કરવા બદલનો આપવાનો રહેશે. તેમજ કરારખત ની કોઈપણ શરતોનો ભંગ ને કારણે લાયસન્સદારનુ લાયસન્સ રદ કરવામાં આવશે ત્યારે લાયસન્સદારે કેન્ટીનો શાંત અને પ્રત્યેક્ષ કબજો સોપી આપવાનો રહેશે. અને તે તેમ કરવામાં કસુર કરશે તો જામીનદાર જવાબદાર રહેશે.

(૨૪) લાયસન્સદાર કેન્ટીન પેટા ભાડુત તરીકે ચલવાવા આપી શકશે નહીં.

(૨૫) કેન્ટીના લાયસન્સ મેળવવા અરજ કરનારે ભાવપત્રક સાથે કેન્ટીનની ચીજ વસ્તુઓના ભાવપત્રક તેમજ પ્રમાણમાપ સહીત ભાવપત્રકની નકલ મોકલવાની રહેશે.

(૨૬) લાયસન્સદારે તેમના તરફથી ઉપયોગમાં લેવાતી કેન્ટીનની જગ્યામાં ફાયર સેફટી ની ગાઈડલાઈન્સ મુજબ સાધનો વસાવવા પડશે. જેનો તમામ ખર્ચ લાયસન્સદારે ભોગવવો પડશે. સદર સાધનો સમયાંતરે પોતાના ખર્ચે રીફીલ કરાવવાના રહેશે.

(એ.એલ.વ્યાસ)
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,
ભુજ – કચ્છ.